| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ કર્યા તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ | | |
| અરજી રજિ. કર્યા તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ | | |
| અરજી ફેંસલ કર્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૨૯** |
| આંક | **૧૯** | | |

**મે.વાંસદાના પ્રિન્સિપાલ સિવિલ જજ અને જયુડિ.મેજિ.ફર્સ્ટ કલાસ**

**સાહેબની કોર્ટમાં.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.– ૮૯/૨૦૨૬</u>**

**અરજદારઃ** **સંદીપકુમાર ઈતુભાઈ થોરાત,**
ઉ.આ.૩૩ વર્ષ, ધંધો– ખાનગી નોકરી,
રહેવાસી–નીચલું ફળિયું, મોટી ભમતી,
તા.વાંસદા, જિ.નવસારી.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ (૧) **પ્રિન્સિપાલ સાહેબશ્રી,**
**શ્રી સદગુરુ હાઈસ્કૂલ, ભીનાર,**
મુ.ભીનાર, તા.વાંસદા, જિ.નવસારી.

(૨) **મે. નવસારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
ઠેકાણું– જિલ્લા પંચાયત કચેરી, નવસારી,
નવસારી.

<u>બાબત</u> :– **ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન, ૧૯૭૪ ના રેગ્યુલેશન ૧૨(ક)(૨) મુજબ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટકમાં તથા ૧૨(ક)(૪) મુજબ જન્મ સ્થળમાં તથા ૧૨(ક)(૬) મુજબ જન્મ તારીખમાં સુધારો કરવા અંગે**

==================================================

| | |
|---|---|
| **અરજદાર તર્ફે** | **: વિ.વ. શ્રી ડી.આઇ.પટેલ.** |
| **સામાવાળા** | **: જાતે** |

==================================================

**= // જ જ મે ન્ટ // =**

1) અરજદાર – સંદીપકુમાર ઈતુભાઈ થોરાત નાઓએ હાલની અરજી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન્સ, ૧૯૭૪ ના રેગ્યુલેશન ૧૨(એ)(૬) હેઠળ અત્રેની અદાલતમાં તેમની અટક Thorat તથા તેમનું જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા તેમની જન્મ તારીખ 20/03/1993 છે, પરંતુ અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રમાં તેમની અટક Ganvit તથા તેમનું જન્મ સ્થળ Moti Bhamti, Ta–Vansda, Dist–Navsari તથા તેમની જન્મ તારીખ 10/05/1992 નોંધાયેલ હોઈ, શાળા છોડયાના પ્રમાણપત્રમાં જરૂરી સુધારો કરાવવા હાલની અરજી દાખલ કરેલ છે.

2) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે,
અરજદાર – સંદીપકુમાર ઇતુભાઇ થોરાત ઉપર બતાવેલ સરનામે રહે છે અને અરજદારનો જન્મ તેમના પિતાના ઘરે મોજે વાંગણ, પારસી ફળિયું, તા.વાંસદા, જિ.નવસારી મુકામે તા.૨૦/૦૩/૧૯૯૩ ના રોજ થયેલો અને તેમની જન્મ નોંધણી વાંગણ ગ્રામ પંચાયતના જન્મ–મરણ રજિસ્ટરમાં નોંધણી નંબર– ૯ થી તારીખ ૨૪/૦૩/૧૯૯૩ ના રોજ થયેલ છે, પરંતુ તેમણે શ્રી સદગુરુ હાઇસ્કૂલ, ભીનાર, તા.વાંસદા, જિ.નવસારી ખાતે ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરી તારીખ ૨૬/૦૫/૨૦૧૧ ના અરસામાં શાળા છોડી

દીધેલ, જે અંગે શાળા તરફથી ત્યારબાદ તેમને શાળા છોડયાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ, જે શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જનરલ રજિ. નં.૬૩૬૬ માં અરજદારના પુરા નામમાં તેમની અટક Ganvit તથા તેમનું જન્મ સ્થળ Moti Bhamti, Ta–Vansda, Dist–Navsari તથા તેમની જન્મ તારીખ 10/05/1992 નોંધાયેલ છે, પરંતુ અરજદારની સાચી અને ખરી અટક Thorat તથા જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા જન્મ તારીખ 20/03/1993 છે અને અરજદારને સરકારી અને અર્ધસરકારી દફતરે તેની જરૂરિયાત હોઈ, હાલની અરજી શાળા છોડયાના પ્રમાણપત્રમાં અરજદારની અટક તથા જન્મ સ્થળ તથા જન્મ તારીખમાં સુધારો કરવા માટે અરજી કરેલ છે. જેથી અરજદારની હાલની અરજી દાખલ કરી, સામાવાળાને નોટિસ કાઢવા હુકમ કરેલ.

3) સામાવાળાને ધોરણસરની નોટિસ બજતા સામાવાળા અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલા છે અને સામાવાળાએ હાજર થઈ, સામાવાળા નં.૧ નાએ સોગંદ ઉપર આંક–૦૬ થી જુબાની આપી જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૦૩ વર્ષથી શ્રી સદગુરુ હાઈસ્કૂલ, ભીનારમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે અને તેઓની શાળાનો હાલ પૂરતો રેકર્ડ તેમજ જનરલ રજિસ્ટર તેમની પાસે રહે છે અને તેઓ તેની જાળવણી કરે છે. તેઓની શાળાના જનરલ રજિસ્ટરના પાના નંબર–૫૩ ઉપર વિદ્યાર્થી અનુક્રમ નંબર–૬૩૬૬ ઉપર આ કામના અરજદારનું નામ, અટક, જન્મ સ્થળ તથા જન્મ તારીખ લખવામાં આવેલ છે. સદર રજિસ્ટરના પાનાની ઝેરોક્ષ નકલ કઢાવી તેના ઉપર તેની નકલ પણ તેઓની શાળાના આચાર્યનાઓ દ્વારા કરાવેલ છે. જે યાદી બનાવી નામ. કોર્ટમાં રજૂ કરેલ છે. જ્યારે સામાવાળા નં.૨ તરફે આંક–૦૫ થી લેખિત જવાબ આપેલ છે. જેમાં જણાવેલ છે કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ ના વિનિયમ–૧૨(એ)(૬) મુજબ જયારે વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય

ત્યારબાદ શાળા રેકર્ડમાંની નોંધમાં કોઈ ફેરફાર કરવાનો તેમને અધિકાર નથી. જે આપ સાહેબશ્રીને વિદિત થવા વિનંતી.

4) આ કામે આંક–૧૪ થી અરજદાર – સંદીપકુમાર ઈતુભાઈ થોરાત નાઓએ સોગંદ ઉપર સરતપાસ રજૂ કરેલ છે, જેમાં અરજદારે તેમની આંક–૧ વાળી અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. વધુમાં અરજદાર તરફે આંક–૧૫ થી ઈતુભઆઈ શુકરીયાભાઈ થોરાત તથા આંક–૧૬ થી મેનુભાઈ ઈતુભાઈ થોરાત તથા આંક–૧૭ થી હસમુખભાઈ બીજલભાઈ ગાંવિત નાઓનું સરતપાસનું સોગંદનામું રજૂ કરી અરજદારની અરજીની હકીકતોને સમર્થન આપી અરજદારની અટક Thorat તથા જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા જન્મ તારીખ 20/03/1993 હોવાનું જણાવેલ છે, પરંતુ અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક Ganvit તથા જન્મ સ્થળ Moti Bhamti, Ta–Vansda, Dist–Navsari તથા જન્મ તારીખ 10/05/1992 દર્શાવેલ છે, જે પુરાવો ધ્યાને લેતાં અરજદારની સાચી અને ખરી અટક Thorat તથા સાચું અને ખરું જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા સાચી અને ખરી જન્મ તારીખ 20/03/1993 હોવાનું ફલિત થાય છે. આ કામે અરજદાર તરફે આંક–૦૮ થી તેમનું જન્મ પ્રમાણપત્ર, આંક–૦૯ થી તેમનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તથા આંક–૧૦ થી તેમના આધારકાર્ડની નકલ, આંક–૧૧ થી તેમના ચૂંટણીકાર્ડની નકલ, આંક–૧૨ થી તેમના પિતાના આધારકાર્ડની નકલ તથા આંક–૧૩ થી તેમના પિતાના ચૂંટણીકાર્ડની નકલ રજૂ કરેલ છે.

5) આ કામે આંક–૦૬ થી શ્રી સદગુરુ હાઈસ્કૂલ, ભીનારના પ્રિન્સિપાલ – દિનેશભાઈ જશુભાઈ પટેલને તપાસેલા છે. તેઓ જણાવે છે કે, તેઓની શાળાના જનરલ રજિસ્ટરના પાના નંબર–૫૩ ઉપર વિદ્યાર્થી અનુક્રમ નંબર–૬૩૬૬ ઉપર આ કામના અરજદારનું નામ, અટક, જન્મ સ્થળ તથા જન્મ તારીખ લખવામાં આવેલ છે. સદર રજિસ્ટરના

પાનાની ઝેરોક્ષ નકલ કઢાવી તેના ઉપર તેની નકલ પણ તેઓની શાળાના આચાર્યનાઓ દ્વારા કરાવેલ છે. જે યાદી બનાવી નામ. કોર્ટમાં રજૂ કરેલ છે. તેઓએ નિ.૭/૧ થી પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ તથા નિ.૭/૨ થી શ્રી સદગુરુ હાઈસ્કૂલના જનરલ રજિસ્ટરની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે.

6) ત્યારબાદ આ કામે આંક–૧૮ થી અરજદાર તરફે વધુ પુરાવો આપવો નથી તે મતલબની કલોઝીંગ પુરસીસ આપેલ છે.

7) (૭.૦) અરજદારની અરજી તથા તે સંદર્ભે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. આ કામે અરજદારે હાલની અરજી ચલાવવા અત્રેની અદાલતને સત્તા હોવાનું જણાવેલ છે. જેથી અત્રેની અદાલતને સત્તા હોવા અંગે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો હાલની અરજી અરજદારે ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન્સ, ૧૯૭૪ ના રેગ્યુલેશન ૧૨(એ)(૬) હેઠળ શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરવા કરેલ છે. જે અનુસાર જયારે વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય ત્યારે મેજિસ્ટ્રેટશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે જ શાળા તેમાં સુધારો કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જે હકીકત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***Thakore Nilesh Shishirbhai Vs. Gujarat Secondary Education Board and Ord. 2007(3) GLR Page 2276*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં શાળા છોડયાના પ્રમાણપત્રમાં જયારે વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય ત્યારે જન્મ તારીખ વિગેરેમાં સુધારો કરવા મેજિસ્ટ્રેટશ્રીએ યોગ્ય ઈન્કવાયરી કરી, સાચી જન્મ તારીખ અંગે પ્રમાણપત્ર આપવું જોઈએ અને સદરહુ પ્રમાણપત્રને આધારે શાળા તેના રેકર્ડમાં સુધારો કરી શકે છે.

(૭.૧) હાલના કેસમાં અરજદારે શાળા છોડયા બાદ તેમની અટક, જન્મ સ્થળ તથા જન્મ તારીખમાં રહેલ ભૂલ સુધારવા માટે હાલની અરજીમાં દાદ માંગેલ છે. નામદાર હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં

શાળા છોડ્યા બાદ વિદ્યાર્થીના શાળા છોડયાના પ્રમાણપત્રમાં કોઈ મહત્ત્વની ભૂલ રહેલ હોય તો તે સુધારો કરવા અંગે પ્રમાણપત્ર ઈસ્યુ કરવા અત્રેની અદાલતને સત્તા છે.

૭) અરજદાર તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો અરજદારની સાચી અને ખરી અટક Thorat તથા સાચું અને ખરું જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા સાચી અને ખરી જન્મ તારીખ 20/03/1993 ની હોવાની હકીકત ફલિત થાય છે. જયારે અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રમાં સામાવાળાની શાળામાં તેમની અટક Ganvit તથા જન્મ સ્થળ Moti Bhamti, Ta–Vansda, Dist–Navsari તથા જન્મ તારીખ 10/05/1992 દર્શાવેલ છે. જેથી અરજદારની અટક, જન્મ સ્થળ તથા જન્મ તારીખમાં તેઓના શાળા રેકર્ડમાં સુધારો કરવામાં ન આવે તો અરજદારને સરકારી, અર્ધસરકારી કચેરીમાં મુશ્કેલી ઉભી થાય તેમ છે. જે તમામ હકીકત ધ્યાને લેતાં અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં સાચી હકીકત નોંધવી જરૂરી છે. જેથી અરજદારની હકીકતોને રજૂ થયેલ પુરાવાથી સમર્થન મળતું હોઈ, હાલની અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**=: હુકમ :=**

1. અરજદારની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.
2. અરજદાર સંદીપકુમાર ઈતુભાઈ થોરાત નાઓની સાચી અને ખરી અટક Thorat તથા સાચું અને ખરું જન્મ સ્થળ Vangan, Ta–Vansda, Dist–Navsari તથા સાચી અને ખરી જન્મ તારીખ 20/03/1993 હોવાનું પ્રમાણિત કરવામાં આવે છે. જે સંદર્ભે તેઓને યોગ્ય પ્રમાણપત્ર કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.
3. આ કામના સામાવાળાએ અત્રેની અદાલતે આપેલ પ્રમાણપત્ર અન્વયે અરજદારની શાળાના રેકર્ડમાં યોગ્ય સુધારો કરી નિયમોનુસાર નવીન શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કાઢી આપવા હુકમ કરવામાં આવે છે.

4. હુકમ મુજબ સામાવાળાને યાદી કરવી.

હુકમ તારીખ **૦૬**$^{થી}$ માહે **જૂન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૬/૦૬/૨૦૨૬**
વાંસદા.

સહી/-
**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાંસદા, જિ.નવસારી.
UID GJ-01609

.